ક્રિ. પ. અ. નં. : ૨૧ /૨૦૧૩

## આંક – ૧ ની અરજી લગત હુકમ

૧. હાલની અરજી અરજદારે ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૨૫(૩) અન્વયે સામાવાળા પાસેથી, નામ. ઝાલોદ કોર્ટે ક્રિ. પ. અ. નં. ૧૫૦/૨૦૦૪ ના કામે તારીખ : ૨૬/૧૦/૨૦૦૫ ના રોજ હુકમ કરી સામાવાળાને અરજદારને ભરણપોષણ પેટે માસિક રૂ.૮૦૦/– અરજીની તારીખ : ૨૫/૦૮/૨૦૦૪ થી દર માસે ચઢે ચઢયા તેમજ અરજી ખર્ચના રૂ.૫૦૦/– અલગથી ચુકવવા હુકમ કરેલ છે. જે હુકમ અન્વયે ભરણપોષણની રકમની વસુલાત માટે હાલની અરજી દાખલ કરેલ છે. હાલની અરજીમાં અરજદારે સામાવાળા પાસે થી તા. ૨/૧/૨૦૧૧ થી તા. ૩/૮/૨૦૧૩ સુધીના ૩૧ માસના કુલ રૂ.૨૪૮૦૦/– ની માંગણી કરેલ છે.

૨. અરજદારની અરજી તેમજ અરજી સાથે રજુ કરેલ ક્રિ. પ. અ. નં. ૧૫૦/૨૦૦૪ ના હુકમની નકલ તેમજ આ આ કામે સામાવાળાએ કોર્ટ રૂબરૂ સાંભળ્યા. બન્નેંપક્ષોના વિ.વશ્રીઓની રજુઆતો સાંભળી.

૩. અરજદારે ભરણપોષણ મેળવવા કરેલ અરજી ના કામે થયેલ હુકમ મુજબ હાલની અરજી કરેલ છે. જે અન્વયે સામાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. સામાવાળાને હાલની અરજીની નોટીસ ધોરણસર બજવણી થતા તેઓ તેઓના વિ.વશ્રી મારફતે હાજર થયેલ છે. અને આંક – ૦૭ ની અરજી આપી અરજીના માંગણાની રકમ ભરવા મુદતની માંગણી કરેલ છે. જે મંજુર કરવામાં આવેલ. જે બાદ આ કામે સામાવાળા હાજર ન થતા તેઓને જપ્તી વોરંટ કાઢવામાં આવેલ. જે વોરંટ ઉપર પોલીસ સ્ટેશન તરફથી બજવણી કરનાર અધિકારીએ સામાવાળા જંગમ મિલ્કત ધરાવતા ન હોવાનું જણાવી સામાવાળા ને પકડી આજરોજ રજુ કરેલ છે. સામાવાળાને કોર્ટ રૂબરૂ પુછતા તેઓ પાસે હાલ અરજીના નાંણા ભરવા માટેના નાંણા નથી અને હાલમાં તેઓ નાંણા ભરી શકે તેમ નથી. સામાવાળા ધ્વારા અરજીના નાંણા ભરપાઈ કરવા માટે સમયની માંગણી કરેલ છે. આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતા સામાવાળાને અગાઉ નાંણા ભરપાઈ કરવા માટે સમય આપવામાં આવેલ તેમ છતા તેઓ તરફે અરજીના નાંણા ભરપાઈ કરવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. તેમજ સામાવાળા તે બાદ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ નથી. આજરોજ પણ સામાવાળા નાંણા ભરપાઈ કરી શકે તેમ ન હોવાનું જણાવે છે. જો સામાવાળાને હાલની અરજીના નાંણા ભરપાઈ માટે જો વધુ સમય આપવામાં આવે તો અરજદારપક્ષને અન્યાય થાય તેમ છે તેમજ ભરણપોષણ અપાવવાનો જે હેતુ છે તે માર્યો જાય તેમ છે.

૪. અરજદાર તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે સામાવાળાએ અજરદારની ભરણપોષણ પેટે નાંણા ભરપાઈ કરેલ ન હોય ફો. કા. સં. ની કલમ – ૧૨૫(૩) અન્વયે સામાવાળાને દર માસની ભરણપોષણ ની રકમ પેટે પુરે પુરા ૩૦ દિવસની સજા કરવા દલીલ કરેલ છે. સામાવાળા તેમજ તેઓના વિ.વ.શ્રીની રજુઆત ધ્યાને લેતા તેઓ કુંટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તેમજ તેઓની સામાજીક, આર્થિક પરીસ્થિતી ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

૫. આ કામે કેસનું રેકર્ડ તેમજ બન્ને પક્ષે કરેલ રજુઆત તેમજ પક્ષકારો દરજજો તેમજ તેઓની સામાજીક, આર્થિક પરીસ્થિતી વિગેરે ધ્યાને લેતા આ કામે સામાવાળાએ અરજદારના ભરણપોષણ ની રકમ ભરપાઈ કરવામાં બેદરકારી દાખવેલ છે. તેમજ સામાવાળા ધ્વારા ક્રિ.પ. અ. નં. ૧૫૦/૨૦૦૪ ના કામે થયેલ હુકમ નું પાલન ન કરવા માટે યોગ્ય કારણ રજુ કરી શકેલ નથી અને તેમ કરી અત્રેની અદાલતે કરેલ હુકમનો ભંગ કરેલ હોઈ સામાવાળાને દર માસની ભરણપોષણ ની રકમ નહી ચુકવવાના કસુર બદલ દીન – ૧૦ ની સાદી કેદની સાજા નો હુકમ કરવામાં આવે તો ન્યાનો હેતુ જળવાઈ તેમ માની ને નીચે મુબજનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) સામાવાળા દીપાભાઈ દલજીભાઈ મહીડા રહે. તીખીરેલ, તા.ફતેપુરા, જી.દાહોદ ને અરજદારને તા. ૨/૧/૨૦૧૧ થી તા. ૩/૮/૨૦૧૩ સુધીના ૩૧ માસના ભરણપોષણ ની રકમ નહી ચુકવવા બદલ દર માસના કસુર બદલ દીન – ૧૦ લેખે કુલ ૩૧૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સામાવાળા ભરણપોષણની બાકી રકમ રૂ.૨૪૮૦૦/– પુરેપુરી ચુકવી આપે તો તેઓને તાકીદે જેલ મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

તા.૧૬/૦૯/૨૦૨૧
સ્થળ : ફતેપુરા

( એ. એ. દવે )
જયુડી. મેજી. ફ. ક.
ફતેપુરા